જા.નં.દશમ/૦૧/ઘ-૨ /૮૧૮/૨૦૧૬
રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,
બ્લોક નં.૧૦, પ્રથમ માળ,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
તા.૧૪/૦૬/૨૦૧૬

પરિપત્ર :-

વિષય : જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના વહીવટ બાબત.

ગુજરાત રાજ્યમાં શ્વેતક્રાન્તીના ફલ સ્વરુપે ત્રિસ્તરીય સહકારી દૂધ ઉત્પાદનની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે, જે સમગ્ર વિશ્વમાં "અમૂલ પેટર્ન" તરીકે ઓળખાય છે. સમયાંતરે દૂધ ઉત્પાદનનો વ્યાપ વધતાં, રાજ્યમાં દૂધ ઉત્પાદકોની સંખ્યામાં, સાથોસાથ દૂધ સહકારી મંડળીઓ તેમજ દૂધ સંઘોની સંખ્યામાં પણ વધારો થયેલ છે. જેના વહીવટ સંબંધી અત્રે અવારનવાર રજૂઆતો મળતાં, આ પ્રશ્નો અંગે તલસ્પર્શી ચકાસણી કરતાં, જે બાબતો ધ્યાને આવેલ છે, તેને નિવારવા માટે નીચે મુજબના સુધારણાત્મક પગલાં સૂચવવામાં આવે છે.

(૧) દૂધ ઉત્પાદકોને તેમના દૂધના પોષણક્ષમ ભાવો મળી રહે તેમજ ગ્રાહકોને પણ વાજબી ભાવે દૂધ અને દૂધની બનાવટો મળી રહે તે રીતે દૂધ ઉત્પાદકો અને ગ્રાહકો બંનેનું સમતોલ હિત ધ્યાને રાખી વૈજ્ઞાનિક ઢબે દૂધ ઉત્પાદકોના દૂધના ભાવો તથા ગ્રાહકોના વેચાણના ભાવો નક્કી કરવા જોઈએ.

(૨) સંસ્થાના વહીવટી ખર્ચમાં મહત્તમ ઘટાડો કરી, કરકસરયુક્ત વહીવટ રાખી, દૂધ ઉત્પાદકોને મહત્તમ વળતર મળે તેમજ ગ્રાહકો માટેના દૂધના ભાવો યોગ્ય રીતે જળવાઈ રહે તેની તકેદારી રાખવી જોઈએ.

(૩) દૂધ અને દૂધની બનાવટોનો અત્યંત સંવેદનશીલ ચીજવસ્તુઓમાં સમાવેશ થયેલ હોવાથી, તેમાં થતી ભેળસેળ તેમજ આરોગ્ય સાથે ચેડાં થાય તે પ્રકારની પ્રવૃત્તિ ન થાય તેની સખ્ત તકેદારી તેમજ દૂધ અને દૂધની બનાવટોની ગુણવત્તા આંતરરાષ્ટ્રીય સ્તરની જળવાય તે રીતની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૪) દૂધ મંડળીઓમાં થતી ઉચાપત તેમજ દૂધ ઉત્પાદકો સાથેની નાણાકીય છેતરપિંડી નિવારવા માટે રોકડ ચૂકવણી તાત્કાલિક અસરથી બંધ કરી, ડાયરેકટ મની ટ્રાન્સફર પધ્ધતિથી સભાસદોના એકાઉન્ટમાં નાણા ચૂકવવાની પધ્ધતિ અપનાવવી.

(૫) દૂધ અત્યંત સંવેદનશીલ પેદાશ હોવાથી, દૂધ પ્રાપ્ત થયેથી એક કલાકમાં કોલ્ડચેઈન ઉપલબ્ધ કરી, દૂધમાં બેકટેરીયાનું પ્રમાણ ૫ લાખથી ઘટાડીને ૩૦ હજાર સુધી લઈ જવું.

સ્પેશ્યલ ઓડીટર
મિલ્ક ઓડીટ ઓફીસ ગોધરા.
શાખા ...
આવક રજી. નં ૧૪૧૬
તા. ૨૭/૬/૧૬

(૬) સમયાંતરે સંસ્થાના વહીવટી ખર્ચની તેમજ દૂધ અને દૂધની બનાવટોના રૂપાંતરિત ખર્ચની સમીક્ષા કરી, આ ખર્ચમાં ઘટાડો કરવા માટે વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરવો અને બિન ઉત્પાદકીય ખર્ચ બંધ કરવો.

(૭) દૂધ સંઘના કાર્યક્ષેત્રની નોંધાયેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અર્થક્ષમતા ધરાવતી હોવા છતાં તેમજ પૂરતી લાયકાત ધરાવતી હોવા છતાં, આ મંડળીઓને સહકારીતાના સ્વિકૃત ખૂલ્લા સભ્યપદના સિધ્ધાંતથી વિરુધ્ધ સભાસદ બનાવવામાં આવતા નથી, જે ઉચિત નથી, આ સંજોગોમાં ઝુંબેશ સ્વરૂપે કામગીરી હાથ ધરી, આપના કાર્યક્ષેત્રની લાયકાત ધરાવતી તમામ દૂધ મંડળીઓને સભાસદ તરીકે દાખલ કરવા જણાવવામાં આવે છે, જેના કારણે દૂધ ઉત્પાદકોને પોતાના સભાસદ તરીકેના અધિકારો પ્રાપ્ત થતાં, આર્થિક સધ્ધરતામાં પણ વધારો થશે.

(૮) જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિ. ની તેમજ ગ્રામ્ય કક્ષાએ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં સમરસતાનું વાતાવરણ ઉભું કરી, બિનતંદુરસ્ત હરિફાઈ નિવારવી તથા ચૂંટણી ખર્ચમા ઘટાડો કરવો.

ઉપરોક્ત સૂચનાઓ આપની સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ સમક્ષ રજૂ કરી, તેનું ચુસ્તપણે પાલન થાય તે મુજબનું આયોજન ગોઠવી, અત્રે જાણ કરશો.

આ પરિપત્ર મળ્યા બદલની પહોંચ પાઠવવી.

(નલિન ઉપાધ્યાય)
રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, ગુજરાત રાજય,
ગાંધીનગર

પ્રતિ

(૧) મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત કો.ઓપ. મિલ્ક માર્કેટીગ ફેડરેશન લિ., આણંદ
**(આ પરિપત્રની સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા અને તેનો સમીક્ષા અહેવાલ દર માસે રજૂ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી)**

(૨) મેનેજીંગ ડિરેકટરશ્રી, જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., તમામ
**(પરિપત્રના અમલ બાબતે સમીક્ષા અહેવાલ રજૂ થાય, તે અંગેની ઘટિત કાર્યવાહી અર્થે)**

(૩) મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, ગુ.રા., અમદાવાદ

(૪) જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, તમામ(પરિત્રના અમલીકરણ સંબંધી સમીક્ષા કરવી)

(૫) સ્પેશ્યલ ઓડીટરશ્રી, મિલ્ક ઓડીટ ઓફીસ, ~~તમામ~~ વીસરી, ૭ અઠવાડિયા ...

**નકલ સવિનય રવાના:-**

(૧) સચિવશ્રી(સહકાર)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) નાયબ સચિવશ્રી, (સહકાર) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.